

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પકડવા કે છોડવા સાહેબોનું આવે દબાણ!*
*તો હપ્તા પહોંચાડવા ઉપરથી લાવે દબાણ!*
*શક્તિમાન બૂટલેગરોને પણ ફાવે દબાણ!*
*હત્યાઓ ચઢાવે ચક્કરે, વધે લોહીનું દબાણ!!*
*(પોલીસ અધિકારીનું BP વધી ગયું! - દાખલ)*

હાઈકુ

*ચાય પે ચર્ચા!*
*લ્યો! હજી તો પૂછે છે!*
*કહો, શું કરૂં??*
*(... ને ઘરમાં ધમાધમ)*

*ચલાવો મારો!*
*નવાજો નવાજ ને -*
*સાડી-શાલથી...*
*(આપો રિટર્ન ગિફ્ટ)*

### ચિંતન

*ગુરોરપ્ય વલિપ્તસ્ય કાર્યાકાર્ય મજાનતઃ ।*
*ઉત્પ્રેતિપન્નસ્ય ન્યાયં ભવતિ શાસનમ્ ॥*

જેને પોતાની વિદ્યા-પ્રતિષ્ઠા-ધન સંપત્તિ પ્રચાર લીલા અને શિષ્યમંડળનું ખોટું અભિમાન આવી ગયું હોય, સારાસારનો વિવેક ગુમાવી વાસના અને વ્યસનમાં રત થયા હોય, ચારિત્ર્ય અને આચરણનું ભાન ભૂલી અવળે માર્ગે ચઢી ગયા હોય એવા સંત-બાબા-બાપુ હોય તો પણ તેમને સામાજિક કોર્ટમાં શિક્ષા થવી જ જોઈએ અને જેમને અન્યાય થયો હોત - કર્યો હોય તેમને ન્યાય મળવો જોઈએ.

આશારામ બાપુએ પ્રજા અને ભક્તોના ભોગે આશ્રમોમાં 'જાહોજલાલી' એકત્ર કરી અને મેલી-કાળી વિદ્યાના તાંત્રિક ઉપાયો થકી કેટલાંય જીવન રોળી નાખ્યાં - આજે તેમના પર અનેક કોર્ટ - કેસ ચાલે છે. કુદરત કોઈને છોડતી નથી, ઈશ્વરને ઘેર દેર હશે પણ અંધેર તો નથી જ.

### સુવિચાર

- જો તમે સતત કકળાટ ગુસ્સો અને ફરિયાદો કરતા રહેશો તો કોઈનેય તમારા માટે ટાઈમ નહીં હોય - **મુંબઈ સમાચાર**
- લાચારીએ આત્મબળ અને આત્મગૌરવની શત્રુ છે, એટલે વિપત્તિની પળે 'લાચાર' રહેવાને બદલે ખમીરવંતા, ધૈર્યવંતા બનો એ જ શ્રેયસ્કર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણે જ આગ છીએ અને આપણે જ કચરાનો ઢગલો! આપણી આગ આપણા કચરાને ભસ્મીભૂત કરી શકે તો આપણા જેવો સુખી કોણ? - **ખલિલ જીબ્રાન**
- લોકોને સુધારવા કરતાં બાળકોનું ઘડતર કરવું વધારે સારું છે - **બાયરન**
- ઘણું વધારે અને ઘણું ઓછું એ બે વચ્ચેનું સ્થળ સુખ છે - **જીવનસૂત્ર**
- એક જ પથ્થરથી બે વખત ઠોકર ખાવી એ સનાતન બદનામી છે - **સિસિરો**
- આજનું ઔષધ : ડુંગળી અને ગોળનું સેવન કરવાથી બાળકની ઊંચાઈ વધે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સાચા હૃદયથી, નિઃસ્વાર્થ ભાવે, પરહિત કાજે કરેલી પ્રાર્થના ભગવાન જરુર-ચોક્કસ સાંભળે જ છે.

દક્ષિણ ભારતમાં મદુરા પાસે એક મોટો ડેમ લોકોને ખૂબ જ ઉપયોગી હતો. એકવાર એ નદી 'વાઈ-ગૈ' માં પૂર આવ્યું અને ડેમ તૂટી ગયો. લોકોની ખેતી-ઘરોને ખૂબ નુકશાન થયું. લોકો સંપીલા-સંગઠિત હતાં. બધાં એ દરેક ઘરમાંથી યુવાનોને મોકલી ડેમ જાતે પરિશ્રમથી જ રીપેર કરવાનું નક્કી કર્યું.

એક માજી જેનો યુવાન પુત્ર સેનામાં લડતાં મૃત્યુ પામ્યો હતો અને પુત્રવધૂ સૈન્યમાં નર્સ તરીકે હિમાલયમાં સેવા ફરજ બજાવતી હતી. માજી રડતે રડતે મદુરામાં આવેલ મિનાક્ષી મંદિરમાં ગઈ. ત્યાં મહાદેવને ફરિયાદ કરી હું વૃદ્ધ છું. મારો પુત્ર તમે લઈ લીધો, મારા ઘરમાં કોઈ ડેમ બાંધવામાં શ્રમયજ્ઞ નથી કરી શકતું એનું મને દુઃખ છે. બોલતી જાય ને રડતી જાય, ત્યાં પાછળથી એક યુવાન દંપત્તિ આવ્યું અને કહ્યું માજી અમે તમારી પ્રાર્થના સાંભળી છે. કાલથી તમારે બદલે અમે ડેમ પર જઈ કામ કરશું તમે ત્યાં આવજો અને અમને મળજો!

માજી એ બીજે દિવસે જોયું એ દિવ્ય કપલ હસતાં હસતાં શ્રમ કરતું હતું. ડેમનું કામ પુરું થયું - કપલ અદશ્ય થયું. પછી માજીને સમજાયું કે મિનાક્ષી મંદિરના શિવ-પાર્વતી જ હતાં. મદુરાના મિનાક્ષી મંદિરમાં આ કિસ્સો આજે પણ કોતરાયેલો છે - જાવ તો જોજો!!

# પરંપરાઓનો છેદ ઉડાડી નવા ચીલા ચાતરતી સરકાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક પછી એક સીમાચિહ્ન રૂપ નિર્ણયો લઈ એમના વજૂદનો અહેસાસ કરાવતા રહ્યા છે. સત્તા પર આવતાંની સાથે એમણે મંત્રીમંડળના સાથીઓનો પોતાના અંગત મદદનીશ કે રહસ્ય સચિવ પસંદ કરવાનો અધિકાર છીનવી લઈ જબરી ધાક બેસાડી દીધી હતી. વળી સચિવો સીધા જ વડાપ્રધાનને રિપોર્ટ કરે એવી નવી પ્રથા શરુ થતાં મંત્રીઓના અધિકારો પર કાપ આવી ગયો હતો. વર્ષોથી ચાલી આવતી પરંપરાઓનો છેદ ઉડાડવામાં મોદીનો અંગત ઈગો સંતોષાય એ તો સમજી શકાય, પરંતુ આખેઆખું 'પ્લાનિંગ કમિશન' રદ થઈ જાય અને એની જગ્યાએ નીતિ આયોગનું બોર્ડ ચડાવી દેવાય તો પણ શાસક કે વિરોધ પક્ષના કોઈ સભ્યોએ ઊહાપોહ કરવાની કે એને અદાલતમાં પડકારવાની હિંમત નથી કરી. એ જુદી વાત થઈ કે 'યોજના આયોગ'નું નામકરણ જ બદલાયું - બાકીની વ્યવસ્થા લગભગ પૂર્વવત જ રહી. પરંતુ સાહેબને ગમ્યું તે સત્તર આના ને સોળ પાઈ. એની સામે ઊનો હરફ કાઢવાની કોઈની હિંમત નહીં. મોદીએ ઔરંગઝેબ રોડનું નામ બદલીને ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ માર્ગ કરી નાખ્યું ત્યારે થોડો વિરોધ જરુર થયેલો. પરિણામે અકબર રોડનું નામ બદલીને મહારાણા પ્રતાપ કરવાની દરખાસ્ત હજી અમલી નથી બનાવી શકાય. પરંતુ લુટિયન કાળથી ચાલ્યું આવતું 'રેસકોર્ડ રોડ' જેવું નામ બદલાઈને હવે 'લોક કલ્યાણ માર્ગ' બની ગયું છે. મોદી સરકારે સૌથી મોટો આંચકો રેલવે બજેટ પ્રથા બંધ કરવાનો નિર્ણય લઈને આપ્યો છે. નવ દાયકાથી ચાલી આવતી પરંપરા બંધ કરી દેવાનો ઐતિહાસિક નિર્ણય ફક્ત મોદી જ લઈ શકે, બીજા કોઈનું એ ગજું નહીં, હવેની રેલવે બજેટ રજૂ કરતા રેલમંત્રીનો આગવો દોરદમામ સમાપ્ત થઈ જશે. સામાન્ય બજેટમાં દેશના નાણામંત્રી જ અન્ય વિભાગોની જેમ રેલવે માટેના ખર્ચની જોગવાઈ રજૂ કરશે. આથી એક સમયમાં રેલ વિભાગ મેળવવા માટે મંત્રીમંડળના સાથીઓ વચ્ચે જે હૂંસાતૂંસી ચાલતી હતી એ ધીમી પડશે. રેલ બજેટ રદ કરીને એને નાણાવિભાગ સાથે મર્જ કરવા પાછળ જેટલીનું જ લૉજિક છે તે આમ પ્રજાને જલદી ગળે ઊતરે તેવું નથી. લોકો કાગારોળે નવી ટ્રેનો અને નવા રેલવે ટ્રેકોની રાહ જોતા રહેતા, એ માટે સાંસદો સતત દબાણ લાવતા રહેતા. ભાડા વધાર્યા વગર જ રેલવે સુવિધાઓ વધારાય એવી અપેક્ષા સેવાતી. આ બધું એક ઝાટકે બંધ કરવાની હિંમત પણ મોદી જ કરી શકે. પરંપરાભંજક વ્યક્તિ જ ઈતિહાસમાં જુદો ચોકો માંડીને નામ નોંધાવી શકતી હોય છે. મોદી આ સિદ્ધાંત સુપેરે સમજતા હોઈ એ પરંપરાભંજકની કોઈ તક જતી કરતા નથી. લાખ રૂપિયાનો સવાલ એ થવાનો કે પાંચે-પચીસે મોદી વડાપ્રધાન પદે નહીં હોય ત્યારે શું નવી સરકાર મોદીએ કરેલા ફેરફારોને શિરોમાન્ય ગણીને ચાલશે કે પછી એ પાછાં પગલે જૂની પરંપરાઓને જીવંત કરીને મોદી બ્રાન્ડ ફેરફારોને ભૂંસી નાખવાનું પસંદ કરશે? ભારત જેવી વિશાળ લોકશાહીમાં કટોકટીને બાદ કરતાં આટલાં વરસથી આંબેડકરે ડ્રાફ્ટ

**તંત્રીસ્થાનેથી...**

કરેલું બંધારણ અડીખમ રહેવા પામ્યું છે. સુધારા જરુર થયા છે, પણ એનો આત્મા અકબંધ રહ્યો છે. બીજા દેશોમાં નેતાઓ એન શાસક પાર્ટીઓ એમની અનુકૂળતા મુજબ બંધારણ બદલતાં રહે છે. હવે પછી શું મોદી સરકાર બંધારણમાં પણ સાનુકૂળ ફેરફારો કરવાનો પ્રયાસ હાથ ધરશે?

## સીબીએસઇનો મહત્વનો નિર્ણય, ધોરણ એકથી દસમાં સડક સુરક્ષાના અભ્યાસક્રમનો સમાવેશ કરાશે

**નાને દીવડે દિવાળી**
અનિતા તન્ના

ભારતમાં સડકો ઉપર અકસ્માતની વધતી સંખ્યાને રોકવા સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. ધોરણ એકથી જ સડક સુરક્ષા વિશે શાળાઓમાં ભણાવાશે. સીબીએસઈએ તેની તૈયારી શરૂ કરી દીધી છે.મોટર વાહન અધિનિયમમાં સુધારો કરીને કડક સજાની જોગવાઈ કરાશે.

સીબીએસઈની યોજના છે કે ધોરણ એકથી દસમા સુધીના અભ્યાસક્રમમાં સડક સુરક્ષાનો અભ્યાસ એવી રીતે તૈયાર કરવામાં આવે કે જેનાથી વિદ્યાર્થીઓને સુરક્ષાની માહિતી મળી રહે. સડક સુરક્ષાના અભ્યાસક્રમનો ભણાવવામાં આવતા વિષયોમાં સમાવેશ કરાશે. ગણિત, વિજ્ઞાન કે પછી કોઈ પણ વિષય હોય તેમાં અભ્યાસ એવી રીતે તૈયાર કરાશે કે બાળકોને સડક સુરક્ષાની જાણકારી મળી રહે.

સીબીએસઈના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતુ કે સડક સુરક્ષાની માહિતીના અભ્યાસક્રમનું એક સેમ્પલ તૈયાર કરી સડક પરિવહન મંત્રાલયના અધિકારીઓને મોકલાયું છે. સંમતિ મળતાની સાથે જ આ પુસ્તકને સમગ્ર દેશમાં સીબીએસઈ સાથે જોડાયેલી સ્કૂલોમાં મોકલાવાશે.

ભારતમાં સડક સુરક્ષા એક મોટી સમસ્યા છે. દર વર્ષે ભારતમાં લગભગ પાંચ લાખ અકસ્માત થાય છે, જેમાં એક લાખથી વધુ વ્યક્તિ મૃત્યુ પામે છે. સડક અકસ્માતમાં ઘવાયેલા લોકોની સંખ્યા અને સંપત્તિના નુકસાન દેશના ઘરેલું ઉત્પાદનના ત્રણ ટકા બરાબર છે.


**(રા મિડિયા પોઝિટિવ સંકલન)**

# ડેન્ગ્યુ છે કે ચીકનગુનિયા?



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

કવિતાબેન ગયા અઠવાડિયે કેરાલાથી ફરીને પાછા આવ્યા. ખૂબ મજા કરી. આનંદ કર્યો. મોજ કરી. અચાનક કવિતાબેનને તાવ આવ્યો. પહેલા બે દિવસ તો સાદો તાવ હશે એમ માની ને પેરાસીટામોલ ગોળી લઈ ને ચલાવ્યું. પણ તાવ કંટ્રોલ માં નહોતો આવતો. તાવ ૧૦૪ જેટલો થઈ ગયો. પાણી મા મીઠું નાખીને પોતા મુક્યા. પણ અચાનક કવિતાબેનના પતિ સુધીરભાઈ એ કવિતાબેન ને નજીક થી જોયા. કવિતાબેન ના શરીર પર નાની નાની લાલ ફોલ્લીઓ દેખાતી હતી. સુધીરભાઈ એ કહ્યું, કવિતા આ કઈ નવું લાગે છે. ડેન્ગ્યુની શક્યતા હોય એવું લાગે છે. ચાલો લેબોરેટરીમા જઈ ને પ્લેટલેટ કાઉન્ટ, hbtcdc અને ડેન્ગ્યુ નો એલઈઝા ટેસ્ટ કરાવીએ. કવિતાબેન લેબોરેટરીમા ગયા. પ્લેટલેટ કાઉન્ટ ઓછો આવ્યો. ડેન્ગ્યુનો ટેસ્ટ નેગેટીવ આવ્યો. મલેરિયાનો ટેસ્ટ નેગેટીવ આવ્યો. પેશાબનો રીપોર્ટ નોર્મલ આવ્યો. સુધીરભાઈ ગભરાયા. આ શું હશે? ડોક્ટર પાસે હવે જવું પડશે. ડોકટરે કવિતાબેનને બરાબર તપાસ્યા. ડોક્ટર બોલ્યા કવિતાબેન ને આંખો લાલ થઈ છે. સાંધાનો દુખાવો છે. પેટમા દુઃખે છે. ઉલટી જેવું થાય છે. આવું સામાન્ય રીતે ડેન્ગ્યુમાં થાય, ચિકનગુનિયામાં થાય. અથવા ઝીકા વાઈરસમાં થાય. ઝીકા વાઈરસનો ટેસ્ટ તો થતો નથી. ચિકનગુનિયાનો એલાઈઝા ટેસ્ટ હમણાં નવો નવો થાય છે. તો આપને ચિકનગુનિયા નો IgG,IgM નો ટેસ્ટ કરાવીએ. અને એ જો નોર્મલ આવે તો કોઈ વાઈરલ ઈન્ફેક્સન હોય શકે. ડેન્ગ્યુ નથી એટલે દાખલ થવાની જરૂર નથી.આપ મેળે જ ૪-૫ દિવસમાં તાવ જતો રહેશે. ચિકનગુનિયા માટે કવિતાબેને એલાઈઝા ટેસ્ટ કરાવ્યો. ૩ કલાક પછી રીપોર્ટ આવ્યો. ચિકનગુનિયા પોઝિટીવ છે. ડૉકટરે કહ્યું, કોઈ લોહી પાતળું થવાની દવા અથવા એસ્પેરીન જેવી દવા ભૂલ થી પણ ન લેતા. ખાલી પેરાસીટામોલ જયારે તાવ આવે ત્યારે. ખૂબ વધારે પ્રવાહી,વધારે પ્રોટીન વાળો ખોરાક લેવો. લીલા શાકભાજી વધારે પ્રમાણ માં લેવા. પચવામાં સહેલો હોય તેવો ખોરાક ખાવો. જેટલા બને તેટલા વધારે પ્રમાણ માં ફાળો અને તેનો જ્યુસ લેવો. ફાળો માં ખાસ કરીને પપૈયાનો જ્યુસ તથા તેના પાન વધારે પ્રમાણ મા લેવા. ગભરાવાની જરૂર નથી. ૩ દિવસમાં તાવ જતો રહેશે . પણ સાંધાના દુખાવો ૧૫ દિવસ, મહિનો કે ૧ વર્ષ પણ ચાલે. ડેન્ગ્યુના તાવ મા અને ચિકનગુનિયાના તાવમાં આજ ફરક છે. ડેન્ગ્યુ ૧૫ દિવસમાં સંપૂર્ણપણે મટી જાય છે. જયારે ચિકનગુનિયાની અસર સાંધાના દુખાવાની તે ઘણી લાંબી ચાલે છે.






સુધીરભાઈ એ ડોક્ટરને પ્રશ્ન કર્યો, ડૉક્ટર સાહેબ આપને ઘણી બધી શોધ કરી છે. તો ચિકનગુનિયાની દવા હજુ સુધી શોધી શક્યા નથી. ડોકટરે કહ્યું, ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને ઝીકા વાઈરસ એ વાઈરલ ઈન્ફેકશન છે. જેની પર કોઈ એન્ટીબાયોટીકની અસર થતી નથી. ચિકનગુનિયા અને ડેન્ગ્યુ એ મચ્છરથી ફેલાતો રોગ છે. મચ્છર દ્વારા શરીર મા વાઈરસ ફેલાવાથી થાય છે. એડીસ માદા મચ્છર થી ફેલાય છે. ડેન્ગ્યુ અને ચિકનગુનિયા મચ્છર કરડયા પછી ૩-૧૪ દિવસ ની અંદર તાવ આવે છે. ડોકટરે કહ્યું, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના તાવમા દેશી દવાઓથી ખૂબ વધારે ફરક પડે છે. જેવાકે લીમડાનું તેલ, નીલગીરીનું તેલ, તુલસી, લસણ, પપૈયાના પાન, કપૂર, મિન્ટ(ફુદીનો), આ બધાથી ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના વાઈરસ ને કંટ્રોલ કરી શકાય છે. ખાસ કરીને ખોરાકમાં ભારે ખોરાક ન લેવો. પ્રોટીન અને વિટામીન-સી વાળો ખોરાક વધારે લેવો.



(ચિકનગુનિયા વાઈરસ)

ડૉકટરે કહ્યું, કવિતાબેનને ગભરાવાની જરૂર નથી. ચિકનગુનિયામાં મૃત્યુનો ભય નથી. ચિકનગુનિયામા દિવસ દરમિયાન લાંબા કપડા પહેરીને બચી શકાય છે. કોઈ પણ જગ્યા પર ચોખ્ખું પાણી ભરવા દેશો નહિ. ઘર ચોખ્ખું રાખો. બાગ બગીચા, ઘરનું ફ્રીજ, પાણીની ટાંકી ચોખ્ખી રાખો. પછી ચિકનગુનિયાનો ભય છોડી દો. સમયસર, લાપરવાહી વર્ત્યા સીવાય રોગનું નિદાન કરાવી લો. આનંદથી જીવો.

**- sgpathlab@gmail.com**

# શિક્ષણમાં વ્યવહારવાદને સ્થાન આપનાર મહાન તત્ત્વચિંતક કોણ હતા?

## શિક્ષણ જગત

(૧) 'બુનિયાદી શિક્ષણ'ની યોજના કોના આદર્શો આધારીત છે ?
(અ) મહાત્મા ગાંધી (બ) ડૉ. એસ. ભટ્ટાચાર્ય
(ક) રવીન્દ્રનાથ ટાગોર (ડ) અબ્દુલ કલામ આઝાદ

(૨) વર્ગમાં ઉત્તમ અનુશાસન કોણ બનાવી રાખે છે?
(અ) તાનાશાહી શિક્ષક (બ) પ્રજાતાંત્રિક શિક્ષક
(ક) સત્તાવાદી શિક્ષક (ડ) અનુઆજ્ઞાનાત્મક શિક્ષક

(૩) સ્વતંત્રતા પહેલા ભારતમાં શિક્ષણના બધાં જ પાસાઓ પર વ્યાપક રીતે વિચાર કરવાવાળું શિક્ષણ આયોગ કયું હતું ?
(અ) સેન્ડલર આયોગ (બ) સાર્જન્ટ આયોગ
(ક) હંટર આયોગ (ડ) વુડ રીપોર્ટ

(૪) રાષ્ટ્રીય અધ્યાપિકા શિક્ષા પરિષદ (એનસીટીઈ)ની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ૧૯૮૫ (બ) ૧૯૯૦
(ક) ૧૯૯૫ (ડ) ૨૦૦૦

(૫) ભારતમાં નવોદય વિદ્યાલયો કયારથી શરુ થયાં ?
(અ) ઈ.સ. ૧૯૮૪ (બ) ઈ.સ.૧૯૮૬
(ક) ઈ.સ.૧૯૯૦ (ડ) ઈ.સ.૧૯૯૫

(૬) બાળકોને પ્રશિક્ષણ દરમિયાન કયા ઘટકની વધ-ઘટના કારણે થકાવટનો અનુભવ થાય છે ?
(અ) લેક્ટિક એસિડ (બ) એડ્રિનલ
(ક) કાર્બન ડાયોકસાઈડ (ડ) પી.એચ. (ક્ષારો)

(૭) 'પ્રયત્ન અને ભૂલ' અધિગમનનો સિદ્ધાંત કોણે આપ્યો ?
(અ) કોહલર (બ) થોર્નડાઈક
(ક) હલ (ડ) સ્કિનર

(૮) માનવજીવનના વિકાસની સૌથી કઠિન, ઉથલ-પાથલ અને સમસ્યાઓથી ભરેલી અવસ્થા કઈ છે?
(અ) કિશોરાવસ્થા (બ) બાલ્યાવસ્થા
(ક) યુવાવસ્થા (ડ) શિશુઅવસ્થા

(૯) નર્સરીમાં બાળકો શાનાથી જલ્દી શીખે છે ?
(અ) અભ્યાસ દ્વારા (બ) ટીવી દ્વારા
(ક) પુનરાવર્તન દ્વારા (ડ) અનુકરણ દ્વારા



**ખજાનો**
અનિલ પટેલ

(૧૦) વાસ્તવવાદીઓ કયાં મૂલ્યોને મહત્ત્વનાં ગણાવે છે ?
(અ) નિરપેક્ષ મૂલ્યો (બ) સાપેક્ષ મૂલ્યો
(ક) ઉપરોક્ત બંને (ડ) ત્રણમાંથી એક પણ નહીં

(૧૧) કઈ વિચારધારા વસ્તુનિષ્ટ શિક્ષણ પદ્ધતિની હિમાયત કરે છે ?
(અ) વાસ્તવવાદ (બ) વ્યવહારવાદ
(ક) પ્રકૃતિવાદ (ડ) અસ્તિત્વવાદ

(૧૨) વાસ્તવવાદી વિચારધારા કયા પ્રકારની શિસ્તનો આગ્રહ રાખે છે ?
(અ) મુક્ત શિસ્ત (બ) સ્વયંશિસ્ત
(ક) કડક શિસ્ત (ડ) ત્રણેયમાંથી એક પણ નહિં

(૧૩) જિન જેક રૂસોની પ્રકૃતિવાદી વિચારધારા કયા પુસ્તકમાં વર્ણવવામાં આવી છે?
(અ) ધ એમિલ (બ) ધ પ્લોમ્બેલ ચાઈલ્ડ
(ક) ધ રિપબ્લિક (ડ) અન ટુ ધીસ લાસ્ટ

(૧૪) કયા એક ભારતીય તત્ત્વચિંતક પ્રકૃતિવાદી ચિંતક હતા ?
(અ) મહર્ષિ અરવિંદ (બ) રવીન્દ્રનાથ ટાગોર
(ક) ગાંધીજી (ડ) સ્વામી વિવેકાનંદ

(૧૫) શિક્ષણમાં વ્યવહારવાદને સ્થાન આપનાર મહાન તત્ત્વચિંતક કોણ હતા?
(અ) સર કિલ પેટ્રીક (બ) વિલિયમ જેમ્સ
(ક) જહોન ડ્યૂઈ (ડ) ગાંધીજી

## વિવિધા

**વિષય : વિશ્વના શિક્ષણશાસ્ત્રીઓની પ્રવૃત્તિ - ચિંતન**

- **મહર્ષિ અરવિંદ :** શિક્ષણ એટલે જ્ઞાન, ચારિત્ર્ય અને સંસ્કૃતિની જાળવણી.
- **એરિસ્ટોટલ :** 'તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનું નિર્માણ એટલે શિક્ષણ.'
- **સોક્રેટીસ :** જ્ઞાન એ સદ્ગુણ છે.
- **આદમ્સ :** શાળા એ જ્ઞાનની દુકાન છે શિક્ષકો જ્ઞાનના વેપારી છે.
- **વિવેકાનંદ :** 'શિક્ષણનું કામ શુદ્ધ ચારિત્ર્યવાન માનવ ઘડવાનું છે.'
- **જહોન ડયૂઈ :** 'સામૂહિક શોધ પ્રતિમાન' ના પ્રવર્તક
- **બંથેલ મેનન :** 'પ્રયોગશાળાના પ્રતિમાન' ના પ્રણેતા.
- **જેમ્સ વિલિયમ :** બ્લેક બોર્ડના શોધક.
- **હર્બટ :** 'શૈક્ષણિક મનોવિજ્ઞાનના પિતા'
- **મોરેનો :** 'સામાજિકમિતિ' પદ્ધતિના શોધક
- **પેસ્ટોલોજી :** 'હું શિક્ષણમાં મનોવિજ્ઞાન પ્રયોજીસ' વિધાન કરનાર
- **હરલોક :** વૃદ્ધિ એ તદન કુદરતી ક્રિયા છે.
- **રવિન્દ્રનાથ ટાગોર :** 'આ પૃથ્વી નથી, સ્વર્ગ છે. એ સ્વર્ગ મધુમય છે' પંક્તિ આપનાર
- **જહોન લોક :** જન્મ સમયે વ્યક્તિનું મગજ 'કોરી પાટી' જેવું હોય છે.
- **ગેસ્ટાલ્ટ :** સમષ્ટિવાદના પ્રણેતા

## ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : પૂર્વક્રિકેટર અને રાજયસભાના સભ્ય નવજોતસિંઘુએ કયા પક્ષની રચના કરી ?**

**જવાબ : 'આવાઝે પંજાબ'**

## સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૩) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : જુ. ઈન્ફો સાયન્સ કૉલેજ
(૪) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૫) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસીડન્સી, ધોળેશ્વર પાસે
(૬) મહેશ. એમ. જાદવ - ગૂજરાત વિદ્યાપીઠ

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં સમાજવાદી પાર્ટીએ કોને પાર્ટી અધ્યક્ષ બનાવ્યા ?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ક (૪) ક (૫) બ (૬) અ (૭) ક (૮) અ (૯) ડ (૧૦) બ (૧૧) અ (૧૨) ક (૧૩) અ (૧૪) બ (૧૫) ક